આપનું સપ્તાહ કેવું જશે?

તા.03/૦૮/૦૦૦૦ થી તા.૦૯/૦૮/૦૦૦૦ સુધી

લેખકઃ જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

મેષ (અ,લ,ઈ):- ચાલુ વીકમાં સહી સમય યોગ્ય લોકોની મદદ મળવામાં વિઘ્નો આવશે. છતાં પોતાના કામમાં પરિવારની મદદથી સફળતા મળે. સમાજ- પરિવારના સંબંધો વધશે. બીન જરૂરી ખર્ચા પર કાબૂ રાખવો મુશ્કેલ રહેશે. મોજ શોખ અને અંગત પ્રિયજનો સાથે પાર્ટી વગેરેના ખર્ચા વધશે. નોકરીમાં અચાનક સફળતા મળે. નવા ક્રિએટીવ અને સકારાત્મક વિચારોથી પ્રભાવ વધશે. આર્થિક બાબતે પ્રગતિ થાય.

વૃષભ (બ,વ,ઊ):- તમારો રચનાત્મક વિચારો મિત્રો વગેરેમાં પ્રભાવ વધારશે. વીકની શરૂઆત વિવાદથી થાય. પણ સફળતાના રસ્તા ખુલતા રહેશે. સંતાનોના કામ થાય. પ્રેમમાં અશાંતિ વધે. વિદ્યાર્થીઓને તક મળે. વિદેશના કામમાં મદદ મળે. ધાર્મિક પ્રવાસ થાય. સમાજ સેવાથી માન વધે. નોકરીમાં નવી તક ઊભી થાય. પ્રેમ વિવાહનો પ્રસ્તાવ આવી શકે છે. પડવા-વાગવાથી સંભાળવું.

મિથુન (ક,છ,ઘ):- સપ્તાહ નવા કામની શરૂઆત માટે અનુકુળ રહેશે. વેપાર- ધંધામાં નવી યોજના બને અને આર્થિક લાભ થાય. આવક વધારવાના રસ્તા ખુલશે. નોકરીમાં પ્રગતિ અને પ્રભાવ વધે. જાહેર જીવનમાં સાવધાની રાખવી. અધુરા પડેલા અને અટકેલા કામમાં અચાનક ગતિ આવશે. પ્રેમ પ્રકરણમાં અચાનક હકારાત્મક પરિણામ આવે. શેર બજારનો નવા રોકાણ થાય. યાદગાર પ્રવાસ થાય.

કર્ક (ડ,હ):- ચાલુ વીકમાં વિદેશ યાત્રાના કામમાં ગતિ આવે. ઉચ્ચ શિક્ષણ કાયદા કાનૂન લેખન, ધાર્મિક સાહિત્ય વગેરેનો કામમાં તક મળશે. પારીવારિક સમસ્યાનું સમાધાન થઈ શકે. નોકરીના ઈન્ટરવ્યુમાં હકારાત્મક નોકરીની જગ્યાએ શાંતિ રાખવી. જવાબદારી વધશે. વિદ્યાર્થીઓને મદદ મળશે. શેર, સટ્ટા, લોટરી, વાયદાના કામ પાર પડશે. ખાવા-પીવામાં ધ્યાન રાખવું. આરોગ્ય બાબતે ખર્ચા વધશે.

સિંહ (મ,ટ):- ચાલુ વીકમાં વડીલો તથા બુદ્ધિજીવી લોકોનું માર્ગદર્શન મળે. સરકારી કામ, વીલ-વારસા, વીમા-એજન્સીને લગતાં કામ સરળ બને. ઉઘરાણી આવે. જોકે માનસિક અને શારીરિક થકાનનો અનુભવ થાય. ચોર-લૂંટારૂથી નુકસાન થઈ શકે છે. રોમેન્ટીક મુલાકાત થાય. પરિવારના કામમાં મદદરૂપ બનશો. નોકરી-ધંધામાં નવી તક ઊભી થાય. જાહેર જીવનમાં સાવધાની રાખવી. આવક વધશે.

કન્યા (પ,ઠ,ણ):- ચાલુ વીકમાં પારીવારિક ઉત્સવ જેવુ વાતાવરણ રહે. નાના સભ્યોની પ્રગતિ થાય. ઉમરલાયકના વિવાહ થાય. નોકરીમાં નવા ફેરફાર થાય. આવક વધારવાના સ્રોત વધે. રોજની આવક વધે. સમાજ જીવનમાં પ્રગતિ થાય. કોર્ટ- કચેરી, વીલ, વારસા અને સરકારી કામમાં પ્રગતિ થાય. આરોગ્ય સુધરે. અચાનક નવી સફળતા મળે. નવા સંશોધનથી પ્રભાવ વધે. વિદેશના કામમાં ગતિ આવે. ખર્ચા વધશે.

તુલા (ર,ત): સપ્તાહ નોકરીમાં નાના-મોટા કામમાં તમારો પ્રભાવ વધશે. ઊપરી વર્ગનો સાથ મળે. આર્થિક વ્યવહારમાં ધીરજ રાખવી. નોકરી-ચાકરથી સાવધાન રહેવુ. વિજાતિય મિત્રોથી સાવધાન રહેવુ. કોર્ટ-કચેરીમાં મદદ મળે. સમાજ જીવનમાં પ્રગતિ થાય. વિદેશમાં વિવાહની વાતમાં પ્રગતિ થાય. આરોગ્ય બાબતે ચોક્કસ બનશો. નવા કામ મળે. નવા સમાજીક સંબંધો વિકાસ પામે. શુભ સમાચાર મળે.

વૃશ્ચિક (ન,ય):- સપ્તાહ તમારા નવા સંશોધન- વિચાર અને ટેકનોલોજીનું જ્ઞાન નવી દિશા ખોલશે. પરીક્ષા કે ઈન્ટરવ્યુમાં સફળતા મળે. પ્રેમમાં વિશ્વાસ વધે. સંતાન જીવન સાથીના કામમાં પ્રગતિ થાય. શેરબજારના કામમાં લાભ થાય. સરકારી નોકરીની યોજનામાં પ્રગતિ થાય. નોકરીમાં પ્રમોશન કે પગાર વધારો થાય. સ્વજનો સાથે સામાજીક પ્રવૃત્તિ થાય. આરોગ્ય સુધરે. ઉઘરાણી આવે. વીમાના કામમાં પ્રગતિ થાય.

ધન (ભ,ધ,ફ,ઢ):- ચાલુ વીકમાં કામની જવાબદારી વધશે. બહારનો કામનો બોજ અને દોડ-ધામ વધશે. નવી જવાબદારી કાર્યક્ષેત્ર અને પરિવારમાં નીભાવવી પડશે. પ્રેમમાં લાગણીઓ પર કાબુ રાખવો. રોમેન્ટીક મુલાકાત થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. મોજ-શોખના ધંધામાં લાભ થાય. સંતાન-જીવન સાથીનો સાથ સામાજીક કામમાં મળે. વધુ પડતા કામનો બોજ થકાન અને કમજોરીનો અનુભવ કરાવે.

મકર (ખ,જ):- ચાલુ વીકમાં પોતાના લક્ષ્યની નજીક જઈ શકશો. અચાનક તક મળે. લાંબા સમયથી અટકેલા કામ સફળ બને. વિદ્યાર્થીઓને તક મળે. દલાલી, પ્રવાસ, શિક્ષણ, ટ્યુશન, લેખન જેવો કામમાં સફળતા મળે. નવા ઘર, વાહન, મકાન અને વારસા બાબતે અનુકુળતા વધશે. પ્રેમમાં સાવધાની રાખવી. ગેરસમજથી વિવાદ વધશે. નોકરીમાં નવી જવાબદારી વધે. ખર્ચાળ દિવસ રહે.

કુંભ (ગ,સ,શ,ષ):- ચાલુ વીકમાં આર્થિક બાબતે યોગ્ય નિર્ણય લેવાય તથા યોગ્ય જગ્યાએ રોકાણ થાય. ઉઘરાણી આવી શકે છે. સંતાનોના અભ્યાસની યોજના બને. કુટુંબ જીવન અને પ્રેમજીવનમાં ભાવનાઓથી દૂર રહીને નિર્ણય લેવાથી સંતુલન રહેશે. બૌદ્ધિક અને માર્કેટીંગના કામમાં સફળતા મળે. ઘરમાં વડીલોના આરોગ્યની સમસ્યા સતાવશે. નોકરી ધંધાર્થે પ્રવાસ થાય. મહત્ત્વના કામ પાર પડે. નવા પરિવર્તનથી નવી તક ઊભી થાય.

મીન (દ,ચ,ઝ,થ):- ચાલુ સપ્તાહ કાર્યક્ષેત્રે સફળતાનું સુચન કરે છે. લાગણી પર કાબૂ રાખીને અનુશાસનમાં રહેવાથી મોટી તક મળવાની શક્યતા છે. પારીવારિક જીવનમાં ખુશી વધે. ઘરમાં નાના સભ્યોની પ્રગતિ થાય. તથા ઘરમાં નવા મહેમાનનું આગમન થાય. વધારાની આવકના રસ્તા ખુલશે. સાહસીક અને નિડર બનશો. વહીવટી ક્ષેત્રે સફળતા મળે. નવી જમીન, મિલકત કે પ્રોપર્ટી બાબતે હકારાત્મક પ્રગતિ થાય. શુભ સમાચાર મળે.

સ્વતંત્ર ભારત, મંગળ અને મોદીજી

આપણા સ્વતંત્ર ભારતની કુંડલીમાં મંગળ મિથુન રાશીમાં સાત અંશનો આદ્રાનક્ષત્રના પ્રથમ ચરણનો બીજા કુટુંબ ધન-વાણી સ્થાનમાં કુમાર અવસ્થાનો છે. તારીખ 02-08-2026ની રાત્રે મંગળ મિથુન રાશિમાં પ્રવેશ પોતાના મૃગશીર્ષ નક્ષત્રની સાથે કરે છે અને તા. 12-08-2026 આદ્રા નક્ષત્રના પ્રથમ ચરણમાં પ્રવેશ કરશે. **સ્વતંત્રતા વખતે જે સ્થિતિમાં હતા તેજ સ્થિતિ બીલકુલ સમાન અંશના થશે. આ દેશમાં નવા અણધાર્યા અણગમતા પરિણામોના સંકેત આપે છે.** બીજુ સ્થાન દેશ માટે દેશની જનતા એટલે કે પરિવારનું છે. **રાષ્ટ્રીય કૌટુંબિક ભાવના અને અલગ-અલગ કોમો વચ્ચેની એકસૂત્રતાનું સુચન કરતું આ સ્થાન દૂષિત છે.** માટે દેશ હંમેશા ભાઈ-ચારાને લઈને કાયમ સમસ્યાનો સામનો કરે છે. આ સ્થાન પ્રારંભિક શિક્ષણનું છે. દેશમાં શિક્ષણ વ્યવસ્થાને લઈને જે સમસ્યા છે તેને લગતા પ્રશ્નો ઉગ્ર બનશે. આપણા દેશમાં આર્થિક ગોટાળા, બેંક કૌભાંડ, શેરબજારમાં છેતરપિંડીથી જે નુકશાન થાય છે તેનું કારણ આ બીજા સ્થાનમાં રહેલ મંગળ છે. દેશની જનતા અને દેશના યુવાધનમાં ખાન-પાન બાબતની જ બેદરકારી છે અને ડ્રગ, દારૂ, ગાંજો, ચરસ વગેરેને રવાડે ચડીને બરબાદી અને દેશને આ બાબતે બદનામ કરનાર આ સ્થાનમાં રહેલ મિથુનનો મંગળ છે.

બીજુ સ્થાન સંચાર માધ્યમ અને સંચાર સંસાધનોના ઉપયોગ અને વિકાસ-સંશોધનનું છે. મિથુનના મંગળના કારણે દેશની સંચાર વ્યવસ્થાનો વિકાસ થયો અને આધુનિક ટેકનોલોજીને દરેક સુધી પહોંચાડનાર ગ્રહ બુધ અને મંગળ છે આ ટેકનોલોજીના ઉપયોગથી દેશનો વિકાસ થયો. લોકોની સુખાકારી વધી અને તેના દૂર ઉપયોગથી આજની યુવા પેઢી અફવા અને અભદ્ર ભાષાનો ઉપયોગની સંકોચ કરે છે તેનું કારણ બાળક અને બચપન કે છોકરમત રાશિ સાથે કુમાર અવસ્થાના મંગળનો પ્રભાવ છે. દુનિયામાં કુમળીવય મુગ્ધાવસ્થા પર બુધનો પ્રભાવ છે અને મંગળ યુવાનીનો કારક છે. મિથુન રાશિ બાળક કે બાલ્ય અવસ્થાની રાશિ છે માટે **આવનાર 18-09-2026 સુધીનો સમય આ અવસ્થાના યુવક-યુવતી કે છોકરા-છોકરીઓમાં ઉન્નમાદ જોવા મળશે અને પોતાની માંગણી માટે રોડ પર ઉતરી આવશે.** બુધ શિક્ષણ વિદ્યાભ્યાસ, વિદ્યાર્થી અવસ્થા અને ટેકનોલોજીનો કારક છે અને બીજુ સ્થાન પ્રારંભિક શિક્ષણનું છે આ સ્થાનમાં મંગળ જે દેશની કુંડલીમાં મારકેશ છે અને મારકેશ થઈને મારક સ્થાનમાં છે. માટે દેશમાં અવાર-નવાર તોફાનો થાય છે અને દેશની સંપત્તિને અપાર નુકસાન થાય છે. આ કુંડલીના મારક સ્થાન અને મારકેશનો પ્રભાવ છે. મંગળ તોડફોડ યુદ્ધ, આંદોલન વેગેરનો કારક છે. 21-06-2026 એ મંગળ રાહુ પરથી વૃષભ રાશિમાં પ્રવેશના કારણે GEN Z આંદોલન થયુ અને દેશની સરકારની પ્રતિષ્ઠાને હાનિની સાથે દેશની આંતરીક વ્યવસ્થાના કારણે દેશ દુનિયામાં બદનામ થયો. તેનું મુખ્ય કારણ. જુલાઈ 2025થી જુલાઈ 2032 સુધીની આ મારકેશ મંગળની મહાદશા છે. દેશની કુંડળીમાં મંગળ ચોસઠમાં નવમોશનો અને બાવીસમાં દ્રષ્ટકોણનો પણ સ્વામી થાય છે. જે શુભ ફળ આપતો નથી. **આ સમય દેશમાં આંતરીક, સામાજિક, રાજકીય વગેરેમાં જબરજસ્થ પરિવર્તનનો છે. દેશની પ્રજામાં અસંતોષ પેદા કરનાર સમય ચાલે છે.** કુંડલીમાં આઠમું સ્થાન અચાનક શુભ કે અશુભ ઘટના તથા નવા પરિવર્તનનું માનવામાં આવે છે. હાલમાં 21 જૂન 2026થી સ્વતંત્ર ભારતની કુંડલીનું આઠમું સ્થાન મંગળની દૃષ્ટિમાં છે અને તે 18-9-26 સુધી રહેશે. **આ સમયમાં દેશના રાજકારણમાં મોટો ફેરફાર થશે. સત્તા પરિવર્તનનો સમય ચાલે છે. દેશ અને દુનિયામાં નવુ વાતાવરણ જન્મ લેનાર સમય છે.** કારણ અતિચારી ગુરુ 2032 સુધીમાં દુનિયા અને દેશમાં ઘણા નવા પરિવર્તનો આવશે.

આપણા દેશના વડાપ્રધાન શ્રી મોદીની કુંડલી પણ મંગળ પ્રધાન છે. 28-11-2021થી 27-11-2028 સુધીની મંગળની મહાદશા તેમના માટે શુભ નથી તેમની કુંડલીમાં રાજ-યોગ કરતો મંગળ શૂન્ય અંશનો છે. શૂન્ય અંશના ગ્રહને છિદ્ર અવસ્થાનો માનવામાં આવે છે. છિદ્ર અવસ્થાનો કોઈ પણ ગ્રહ શુભ ફળ આપતો નથી માટે જ 2021 પછી શ્રી નરેન્દ્ર મોદીની જે વિશ્વગુરુની છબી ઊભી કરવામાં આવી હતી તે ધીમે ધીમે ઝાંખી પડવાં લાગી અને આજકાલ બીલકુલ નિસ્તેજ થઈ ગઈ છે. કોઈ પણ ગ્રહની દશા-અંતરદશા જે તે ગ્રહની સ્થિતિ અવસ્થા પર આધાર રાખે છે. ભલે તે શુભ કે પાપ ગ્રહ હોય પણ તેની અંશાત્મક વગેરે અવસ્થા શુભ હોવી જરૂરી છે. તા. 02-08-2026 થી મિથુનમાં આવતો મંગળ શ્રીમોદીજીની કુંડલીમાં આઠમે આવે છે. **આવનાર દોઢ માસનો સમય તેમના માટે વિકટ છે. આરોગ્ય માટે અને સત્તામાં ટકી રહેવા માટે આઠમાં સ્થાનમાંથી પસાર થતો મંગળ સાથીઓ સાથે મતભેદ કરાવશે. સંવાદશૈલી નિસ્તેજ બનવાના કારણે ગઠબંધનમાં તિરાડ પડી શકે છે.** જે લોકો આજ સુધી મજબુત રીતે સાથે ઊભા હતા તે ખસવા માંડશે. પોતે એકલા પડી ગયા છે એવો અનુભવ આ મંગળ કરાવશે. **તેમના લગ્નેશ મંગળની મહાદશા તેમને પુરા પાંચ વર્ષ સુધી સત્તામાં ટકાવી રાખવામાં મદદરૂપ થાય એમ નથી. માનસિક, શારીરિક અને કોઈ હુમલાના ભોગ બનવાનો સમય ચાલે છે.** મંગળ તેનું કામ કરશે.

અનુસંધાન ... પાના પહેલાનું

ટ્રમ્પે ઇરાન પર...

તેવી જ રીતે એક સફળ અને સમૃદ્ધ ઈરાનના અસ્તિત્વ માટે, ઝડપથી કરાર કરવાની શરતે હુમલો રદ કરવા માટે સંમતિ આપી છે."

અમેરિકા અને ઈઝરાયેલે ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન પર હુમલો કર્યો ત્યારથી ટ્રમ્પે ઈરાન પરના હુમલા રોકવાની જાહેરાત અનેક પ્રસંગોએ કરી છે, પરંતુ પરિસ્થિતિ વણસી જતાં ફરીથી લડાઈ શરૂ થઈ ગઈ હતી. ઈરાનના સંરક્ષણ મંત્રીએ X પર જણાવ્યું હતું કે ટ્રમ્પની જાહેરાત બાદ તેમનો દેશ "ના તો આશ્ચર્યચકિત છે કે ના નિષ્ક્રિય" અને તેમણે ઉમેર્યું કે ઈરાન અમેરિકા તરફથી પ્રત્યક્ષ ધમકીઓ સામે સતર્ક રહેવાનું ચાલુ રાખશે. મધ્યસ્થી પ્રયાસોમાં સામેલ એક પ્રાદેશિક અધિકારીએ જણાવ્યું હતું કે, વિકેન્ડ દરમિયાન ટ્રમ્પ દ્વારા જાહેર કરવામાં આવેલો પ્રસ્તાવ અમેરિકા અને ઈરાનને ફરીથી વાટાઘાટો શરૂ કરવા અને ભૂતકાળમાં કરારમાં અડચણરૂપ બનેલા મુદ્દાઓનો ઉકેલ લાવવા માટે હાકલ કરે છે. અધિકારીના જણાવ્યા અનુસાર, આ પ્રસ્તાવમાં હોર્મુઝની સામુદ્રધુની ફરીથી ખોલવા અને સમગ્ર પ્રદેશમાં હુમલા બંધ કરવાનો સમાવેશ થાય છે, જેમાં ઈરાક સ્થિત ઈરાન સમર્થિત જૂથો દ્વારા અરબ અખાતી દેશો અને જોર્ડન પર કરવામાં આવતા હુમલા પણ સામેલ છે. અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, હજુ સુધી કોઈ આખરી કરાર થયો નથી, પરંતુ મધ્યસ્થીના પ્રયાસો ચાલુ છે.

ગાઝામાં ઈઝરાયેલના હુમલામાં બે બાળકો સહિત આઠનાં મોત

મધ્ય પૂર્વમાં અન્યત્ર થયેલા ઘટનાવિકાસમાં, સ્થાનિક આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, રવિવારે સમગ્ર ગાઝા પર ઈઝરાયેલી હુમલાઓમાં બે બાળકો સહિત ઓછામાં ઓછા આઠ પેલેસ્ટાઈનીઓ માર્યા ગયા હતા અને ડઝનથી વધુ લોકો ઘાયલ થયા હતા. પેલેસ્ટાઈનીઓએ છેલ્લા કેટલાક દિવસોમાં સમગ્ર વિસ્તારમાં ઈઝરાયેલી હુમલાઓના પ્રમાણમાં વધારો થયો હોવાનું જણાવ્યું હતું. દક્ષિણ ગાઝામાં એક રહેણાંક એપાર્ટમેન્ટ પર થયેલા હુમલામાં એક જ પરિવારના ત્રણ સભ્યો માર્યા ગયા હતા, જેમાં તેમનું 4 વર્ષનું બાળક પણ સામેલ હતું. આ મૃતદેહોને નાસર હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા, જ્યાંથી આ માહિતી મળી હતી.

ઇરાન યુદ્ધ વધુ નહીં...

પરંતુ જાહેરમાં ટિપ્પણી કરવા માટે અધિકૃત ન હોય તેવી વ્યક્તિના જણાવ્યા અનુસાર, સાઉદી અરબને ડર છે કે જો અમેરિકા ઈરાનના ઉર્જા માળખાને નિશાન બનાવે છે અથવા અન્ય મહત્વપૂર્ણ માળખા પર મોટા પાયે હુમલા કરે છે, તો તેના જવાબમાં તેહરાન સાઉદી ક્રિંગડમ અને અન્ય અખાતી દેશોના ઉર્જા માળખા પર હુમલા કરી શકે છે. તે વ્યક્તિએ જણાવ્યું કે શનિવારના કોલ દરમિયાન ક્રાઉન પ્રિન્સે ટ્રમ્પ પાસેથી સ્પષ્ટતા માગી હતી કે તેઓ ઈરાન સામે કેવા પ્રકારના નવા પગલાં લેવાનું વિચારી રહ્યા છે. વાયરલ થયેલા શનિવારના આ કોલ અંગે વ્હાઇટ હાઉસે ટિપ્પણી માટે તરત જ કોઈ જવાબ આપ્યો ન હતો. પાટવી કુંવરે ઈરાન અંગેની રણનીતિ પર ચર્ચા કરવા માટે તેમના ભાઈ અને સાઉદી સંરક્ષણ મંત્રી ખાલિદ બિન સલમાનને પણ આ સપ્તાહની શરૂઆતમાં ટ્રમ્પ અને ઉપપ્રમુખ જે.ડી. વાન્સ સાથે અલગ-અલગ બેઠકો માટે વોશિંગ્ટન મોકલ્યા હતા.

યુદ્ધ અંગે એકતા...

સામાજિક પરિવર્તનને અપનાવવાની જરૂરિયાત અંગેની ચિંતાથી પણ પ્રેરાયેલું છે. ધર્મશાહી ઘરાવતા નેતૃત્વમાં આ અસામાન્ય અને ખુલ્લી સ્પર્ધા ઈરાનના યુદ્ધ પછીના ભવિષ્ય પર નિયંત્રણ મેળવવાની ખેંચતાણ તરફ ઈશારો કરે છે. એક મોટો પ્રશ્ન એ છે કે નવા સર્વોચ્ચ નેતા મોજતબા ખામેનેઈનું વલણ શું છે? 28 ફેબ્રુઆરીએ યુદ્ધની શરૂઆતની મિનિટોમાં જ તેમના પિતાના મૃત્યુ નિપજાવનાર હુમલામાં કથિત રીતે ઘાયલ થયેલા ખામેનેઈ હજુ પણ અજ્ઞાત વાસમાં છે, અને બંને પક્ષો તેમના સમર્થનનો દાવો કરી રહ્યા છે.

ગ્રીસમાં દાવાનળ...

કાબૂ મેળવવાથી કટોકટીનો અંત આવ્યો ન હતો. ફ્રાન્સની સૌથી મોટી દાવાનળ તેના પરિસરમાં સીમિત રહ્યા પછી પણ ૨,૨૪,૦૦૦ લોકોને ભાગી જવાની ફરજ પડી હતી, જે યુદ્ધ સમય સિવાય દેશનું સૌથી મોટું નાગરિક સ્થળાંતર હોઈ શકે છે. ફ્રાન્સ અને સ્પેનમાં લાગેલી આ આગે મળીને આશરે ૩.૫ લાખ લોકોને ઘરો અને વેકેશન સ્થળોએથી સ્થળાંતર કરવા મજબૂર કર્યા છે, યુરોપિયન ઉનાળાની પીક સીઝનમાં સમુદાયોને ખાલી કરી દીધા છે અને એકસાથે આવેલી આ આપત્તિઓમાં ઇમરજન્સી સેવાઓને અત્યંત મુશ્કેલીમાં મૂકી દીધી છે.

નબળા ચોમાસાને...

સિંચાઈ પંપ ચલાવવાની માંગ ઘટાડે છે તેમજ વાહનોની અવરજવરને ધીમી કરે છે. પરંતુ આ વર્ષે ચોમાસાનો વરસાદ મોડો પડ્યો હતો, જેના કારણે ખેડૂતોએ ખેતરોમાં સિંચાઈ કરવા માટે પંપ ચલાવવા ડીઝલનો ઉપયોગ કર્યો હતો. લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસ (LPG)નું વેચાણ સતત ઘટી રહ્યું છે, જે 17.4 ટકા ઘટીને 2.37 મિલિયન ટન થયું છે. ઉદ્યોગના અધિકારીઓએ જણાવ્યું હતું કે આનું મુખ્ય કારણ એ છે કે પશ્ચિમ એશિયાની કટોકટી પછી ગ્રાહકોના કેટલાક જથ્થાને પાઇપ કુદરતી ગેસ (PNG) માં તબદીલ કરવામાં આવ્યો છે.

NTAએ પરીક્ષા...

મોડલથી અલગ થઈને, NTA એ આ કોન્ટ્રાક્ટ માટે 'ક્વોલિટી-એન્ડ-કોસ્ટ બેઝ્ડ સિલેક્શન'(QCBS) પદ્ધતિ પસંદ કરી છે. તેની જવાબદારીઓમાં ગોપનીય પરીક્ષા સામગ્રી, સર્વર રૂમ, ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને સુરક્ષિત સ્ટોરેજ સુવિધાઓનું રક્ષણ કરવાનો પણ સમાવેશ થશે. ટેન્ડરમાં GPS-સક્ષમ ગાર્ડ પેટ્રોલ ટ્રેકિંગ, બાયોમેટ્રિક હાજરી અને ડિજિટલ ઇન્સિડન્ટ-રિપોર્ટિંગ પ્લેટફોર્મ સહિત ટેક્નોલોજી-આધારિત મોનિટરિંગ સિસ્ટમ્સ ગોઠવવાનું પણ ફરજિયાત બનાવવામાં આવ્યું છે.

પાકિસ્તાને ભારત સરહદ...

દળોને આધુનિક બનાવવાના પ્રયાસો ચાલુ રાખવાનો એક પ્રયાસ છે. ચીનની સરકારી માલિકીની સંરક્ષણ કંપની NORINCO દ્વારા ઉત્પાદિત SH-15, પીપલ્સ લિબરેશન આર્મીના PCL-181 પૈડાવાળા સ્વ-સંચાલિત હોવિત્ઝરનું નિકાસ સંસ્કરણ છે. 6x6 બખ્તરબંધ શાંક્સી ટ્રક ચેસિસ પર માઉન્ટ થયેલ, આ સિસ્ટમ ઝડપી જમાવટ અને ઉચ્ચ ગતિશીલતા માટે રચાયેલી છે, જેમાં 90 કિમી પ્રતિ કલાક સુધીની રોડ ગતિ અને મુશ્કેલ ભૂપ્રદેશમાં ઝડપથી સ્થાનાંતરિત થવાની ક્ષમતા છે.

155 મીમી/૫૨-કેલિબર આર્ટિલરી પ્લેટફોર્મ લગભગ 30 થી 40 કિલોમીટરની રેન્જ સુધી સ્ટાન્ડર્ડ નાટો-સુસંગત દારૂગોળો ફાયર કરી શકે છે, જ્યારે રોકેટ-સહાયિત V-LAP પ્રોજેક્ટાઇલ્સ ૫૩ થી ૭૨ કિલોમીટર દૂરના લક્ષ્યોને ત્રાટકવા સક્ષમ હોવાનું કહેવાય છે. તે ઓટોમેટેડ ફાયર-કંટ્રોલ સિસ્ટમ અને હાઇડ્રોલિક સ્ટેબિલાઇઝિંગ સ્પેડ્સથી પણ સજ્જ છે જે ક્રૂને ઝડપથી તૈનાત કરવા, પ્રતિ મિનિટ છ રાઉન્ડ ફાયર કરવા અને દુશ્મન કાઉન્ટર-બેટરી સિસ્ટમ્સ પ્રતિક્રિયા આપે તે પહેલાં સ્થળાંતર કરવાની મંજૂરી આપે છે. સંરક્ષણ સૂત્રોના જણાવ્યા અનુસાર, 250 SH-15 સિસ્ટમનો સમાવેશ બહુવિધ આર્ટિલરી રેજિમેન્ટને સજ્જ કરવા માટે પૂરતો છે, જે પાકિસ્તાનની લાંબા અંતરની પરંપરાગત આક્રમણ ક્ષમતાને નોંધપાત્ર રીતે મજબૂત બનાવે છે.

તસ્લીમાએ ભારતમાં...

સમિતિની રચના કર્યા પછી આવી છે.

સરકારી જાહેરનામામાં કહેવામાં આવ્યું છે કે, પ્રસ્તાવિત કાયદાના વ્યાપક પરિણામો અને વિશાળ સ્વરૂપને ધ્યાનમાં રાખીને આ પેનલની રચના કરવામાં આવી હતી. કોઈ આગળના પગલાં લેવામાં આવે તે પહેલાં સમિતિ ડ્રાફ્ટ બિલની વ્યાપક તપાસ કરશે.

બાંગ્લાદેશનો ઉલ્લેખ કરતાં 63 વર્ષીય લેખિકાએ કહ્યું કે, સમાનતા એ સભ્યતાનો આધારસ્તંભ છે, પરંતુ ઘણી મહિલાઓ હજી પણ ભેદભાવનો સામનો કરી રહી છે.

ઇરાન યુદ્ધ વધુ નહીં...

કેટ (કોમન એડમિશન ટેસ્ટ) ની ગેરરીતિઓ, 2013ની એસએસસી (સ્ટાફ સિલેક્શન કમિશન) ભરતી અને શિક્ષકોની ભરતીના કેસો સામેલ છે. એ જ રીતે, ઝારખંડમાં પાંચ કેસ ટ્રાયલની રાહ જોઈ રહ્યા છે; કર્ણાટકમાં પાંચ; મહારાષ્ટ્રમાં ત્રણ, રાજસ્થાનમાં આઠ; તમિલનાડુમાં 14; અને પશ્ચિમ બંગાળ તેમ જ ઉત્તર પ્રદેશમાં 10-10 કેસ પેન્ડિંગ છે.

માઇગ્રન્ટ કટોકટી...

જહાજો શહેરી બીચ નજીકના પાણીમાં સ્થળાંતર કરનારાઓના મૃતદેહોની શોધખોળ ચાલુ રાખી રહ્યા હતા, જેને થોડા દિવસો પહેલા જ હજારો સ્થળાંતર કરનારાઓએ તોડી પાડ્યો હતો. સેઉટામાં દુકાનો ફરી ખુલી ગઈ છે, અને 84,000 ની વસ્તી ધરાવતા આ શહેરમાં રહેવાસીઓ અને પ્રવાસીઓની સામાન્ય ચહલપહલ ઓપન-એર ટેરેસ, રેસ્ટોરન્ટ્સ અને કાફેમાં જોવા મળી રહી હતી. પરંતુ ચાર સંસ્કૃતિઓનું ઘર હોવાનો ગર્વ અનુભવતું આ શહેર હજી પણ સરહદ પર સર્જાયેલી આ કટોકટીના પરિણામો સાથે ઝઝૂમી રહ્યું હતું, જેમાં સ્થાનિકો આ પરિસ્થિતિ માટે કોણ અને શું જવાબદાર છે તે અંગે અસહમત હતા. સરહદે સર્જાયેલી કટોકટીએ યુરોપની ઇમિગ્રેશન ચર્ચામાં નવો પ્રાણ પૂર્યો છે. સ્પેનિશ સત્તાવાળાઓએ રવિવારે જણાવ્યું હતું કે, ઓછામાં ઓછા 72 માઇગ્રન્ટોનાં મોત થયા છે, જેમાં કેટલાક ડૂબી જવાથી અને અન્ય લોકો દરિયાઈ પાળા પાર કરવાની ભાગદોડમાં માર્યા ગયા હતા. લોકોના અચાનક ઘસારાથી સર્જાયેલી આ માનવતાવાદી કટોકટીએ યુરોપ અને બહારના દેશોમાં ઇમિગ્રેશન અંગેની ચર્ચાને ફરીથી જીવંત કરી છે.

જાહેર નોટીસ

મે.સુરતના ૧૪ મા એડીશનલ સિનિયર સિવિલ જજ (એસ. વી. મુદાલીયાર) સાહેબની કોર્ટમાં.
રૂમ નં.૧૦૧૮, ડિસ્ટ્રીકટ એન્ડ સિવીલ કોર્ટ બિલ્ડીંગ, અઠવાલાઈન્સ, સુરત.

અરજદાર : (૧) **દીસુલાલ કુશલચંદ રાંકા,** ઉ.૬૬, ધંધો : વેપાર, જાતના : જૈન, રહેવાસી : ૩૦૧, આકાશગંગા એપાર્ટમેન્ટ, ભટાર રોડ, સુરત.
(૨) **બાબુલાલ શીરેમલ રાંકા,** ઉ.૭૩, ધંધો : વેપાર, જાતના : જૈન, રહેવાસી : બી/૧, ૩૦૧, સેલિબ્રિટી ગ્રીન, વેસુ, સુરત.

પ્રોબેટ અરજી નં. ૭૯/૨૦૨૬
ઠરાવ તા.૧૭/૦૮/૨૦૨૬
આંક :

અરજદારોના વકીલ શ્રી અજય એમ. રાજપુત

-: વિરુધ્ધ :-

સામાવાળા : કોઈ નહી

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટીસ થકી જણાવવાનું કે ઉપરોકત અરજદારોએ મર્હુમ લીલાદેવી હીરાલાલ સંકલેચા તા.૧૬/૦૩/૨૦૨૩ ના રોજ ગુજરી જતા તેઓએ તેઓની હયાતિમાં તા.૦૨/૦૪/૨૦૨૨ ના રોજ એક વીલ યાને વસીયતનામુ કરેલ હોવાથી મર્હુમે કરેલ વીલમાં નીચે શીડયુલમાં જણાવેલ સ્થાવર તથા જંગલ મિલકત બાબતે પ્રોબેટ સર્ટીફીકેટ મેળવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી પ્રોબેટ અરજી કરેલ છે.

શિડયુલ-એ

સુરત ડિસ્ટ્રીકટ, ચોર્યાસી સબ ડિસ્ટ્રીકટ, શહેર સુરતના મોજે મજુરાના સર્વે નં. ૯૨ તથા ૯૮-૨, જેનો સીટી સર્વે વોર્ડ મજુરા નોંધ નં.૧૬૫, જેનો ટી.પી.સ્કીમ નં.૯, ફાયનલ પ્લોટ નં.૧૫૮-ડી ઉપર વૈશાલી ફલેટસ કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી. દ્વારા બાંધવામાં આવેલ **''વૈશાલી એપાર્ટમેન્ટ''** બીલ્ડીંગ નં. 'બી' ના ચોથા માળે આવેલ ફલેટ નં.૪૦૧, જેનું ક્ષેત્રફળ સુમારે ૧૧૬૦.૦૦ ચો.ફુટ યાને ૧૦૭.૭૭ ચો.મી છે, તથા સોસાયટીએ ફાળવી આપેલ શેર સર્ટીફીકેટ નં. ૧૬ થી રૂા.૫૦/- ના એક એવા પાંચ શેર, ડિસ્ટીંકટીવ નં. ૭૬ થી ૮૦ તથા સદર ફલેટવાળી મિલકતના લાગતા વળગતા અંદરના તથા બહારના સર્વે જાતના હકકો સહીત તથા રાસુકા વપરાશના હકકો સહીત તથા સોસાયટીના સભાસદ તરીકેના હકકો સહીત તથા આખી ઈમારતની તળની જમીનમાં ફાળે પડતા વણ વહેંચાયેલા હિસ્સા સહીત.

શિડયુલ-બી

મર્હુમ હીરાલાલ પ્રભુજી સંકલેચા તથા મર્હુમ લીલાદેવી હીરાલાલ સંકલેચાના સેવિંગ્સ એકાઉન્ટ તથા ફીકસ ડીપોઝીટની વિગતો તથા પોલીસીની વિગતો

| ક્રમ | બેંક / પોલીસી કંપનીનું નામ | નામ | ખાતા/પોલીસી/લોકર/ફીકસ ડીપોઝીટ નંબર |
|---